### ૧ એપ્રિલ-૨૦૨૦ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધીના સમય દરમ્યાન ઉપયોગમાં ન લેવાયેલી

# સ્કૂલ બસોને નોનયુઝ તરીકે વાહનવેરા-વ્હીકલ ટેક્ષમાંથી મુક્તિ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોવિડ-૧૯ની પરિસ્થિતીમાં બંધ રહેલી શૈક્ષણિક સંસ્થાઓ-સ્કૂલોને રાહત આપતો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આ નિર્ણય અનુસાર રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ/સ્કૂલોના નામે નોંધાયેલી અને ચાલતી અને તા.૧ એપ્રિલ-૨૦૧૭ પહેલાં રજિસ્ટ્રર્ડ થયેલી બસો માટે તા.૧ એપ્રિલ-૨૦૨૦થી તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધીના સમય માટેનો મોટર વાહન વેરો-વ્હીકલ ટેક્ષ માફ કરવામાં આવ્યો છે.

આવી સ્કૂલ બસો આ સમયગાળા દરમ્યાન અન્ય કોઈ વ્યાપારીક પ્રવૃત્તિ માટે ઉપયોગમાં કે વપરાશમાં લેવામાં આવી નથી તેની ચકાસણી કર્યા બાદ તેને નોનયુઝ તરીકે વેરા માફી આપવામાં આવશે.

મુખ્યમંત્રી સમક્ષ રાજ્યની આવી શૈક્ષણિક સંસ્થાઓ અને સ્કૂલો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આપતાં તેમણે આ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોવિડ-૧૯ની મહામારીની સ્થિતીમાં શાળા-કોલેજો શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેલા હોવાથી તેમની બસોને મોટર વ્હીકલ ટેક્ષના ભારણમાંથી રાહત આપતાં આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે પોતાની માલિકીની બસો ધરાવતી હોય અને તે તા.૧-૪-૨૦૧૭ પહેલાં રજીસ્ટ્રર્ડ કરવામાં આવી હોય તેવી સ્કૂલ બસોમાં વાર્ષિક રૂ. ૨૦૦ પ્રતિસીટ પ્રમાણે મોટર વ્હીકલ ટેક્ષ વસુલવામાં આવે છે.

# રાજ્યમાં દિવસેને દિવસે કોરોનાના કેસમાં ઘટાડો : નવા ૬૯૮ કેસ

### રાજ્યમાં કોરોનાથી કુલ ૩ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૮૫૮૬૫૯ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૪૫૫૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૬૯૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૮૯૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૩૪,૫૫૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૪.૬૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૪૭,૯૯૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૩૮.૩૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૮૫૮૬૫૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૬,૯૩૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૬,૮૭૧ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૨૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૯,૦૪૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૦ છે. જ્યારે ૮,૯૮૬ લોકો સ્ટેબલ છે. ૨,૩૪,૫૫૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૨૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૨ અને સુરતનાં ૦૧ દર્દી સહિત કુલ ૦૩ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# પ્રાંતિજમાં ફલાવરની ખેતીમાં ભાવ ના મળતા ખેડૂતે કાશ્મીરી લાલ ગુલાબની ખેતી કરી

### માત્ર અડધો વિઘો ખેતી કરી નવતર પ્રયોગ કર્યો : કોરોનાને લઈને ફુલ બજારમાં મંદીનો માહોલ છતાં નુકસાન નહી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવનિ ફાર્મના માલિક ખેડૂત દ્વારા ફલાવરની ખેતીમાં ભાવ ના મળતા લાલ ગુલાબની ખેતી કરી નવતર પ્રયોગ કર્યો હતો અન્ય ખેડૂતોને પણ લાલ કાશ્મીરી ગુલાબની ખેતી કરવા માટે સલાહ આપી.



પ્રાંતિજ ખાતે ફલાવર પકવતા ખેડૂતોને છેલ્લા પાંચ વર્ષથી ફલાવરના ભાવો ના મળતા ફલાવર પકવતા ખેડૂતો ફલાવરની ખેતીને લઈને નાસીપાસ થયા છે અને ખેડૂતો અન્ય ખેતી તરફ વળી રહ્યા છે જેમાં કેળા, પપૈયા, બટાકા સહિતની ખેતી તરફ વળી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ અવનિ ફાર્મના માલિક રાજેશભાઈ મગનભાઈ પટેલ દ્વારા પણ દર વર્ષે ફલાવરની ખેતી કરવામાં આવે છે પણ ફલાવરની ખેતીમાં ખર્ચ અને મહેનત બાદ પણ ભાવ ના મળતા તેવોએ પણ આ વર્ષે માત્ર અડધો વિઘો જેટલી જમીનમાં લાલ કાશ્મીરી ગુલાબની ખેતી કરી પ્રાંતિજ ખાતે નવતર પ્રયોગ કર્યો છે અને લાલ ગુલાબની ખેતી તરફ વળ્યા છે. ત્યારે તેવોનુ કહેવું છે કે દર વર્ષે બજારમાં ફુલોના ભાવ સારાં હોય છે અને ગુલાબની ખેતી માટે કોઈ મોટો ખર્ચ પણ હોતો નથી અને આની કલમ ખાલી ૩૩ રૂપિયામા ભાડા સાથે પડે છે અને ગુલાબની ખેતીમાં પાણી અને ખાતર સહિત અન્ય ખર્ચ પણ વધારે થતો નથી. ડ્રીપ દ્વારા ખેતી કરવા આવે તો પાણીની પણ બચત થાય છે ત્યારે હાલ કોરોનાને લઈને મંદિરોમાં લગ્ન સીઝન ના હોવાથી થોડો ભાવમા માર પડયો હતો પણ ચાલુ દિવસોમાં સીઝનમા ૨૦૦ થી ૩૦૦ મળી રહે છે જેથી રાજેશભાઈ પટેલ દ્વારા અન્ય ખેડૂતોને પણ લાલ કાશ્મીરી ગુલાબની ખેતી કરવા માટેની સલાહ પણ આપી રહ્યા છે. હાલ તો ફલાવરની મોંધી ખેતી સામે ભાવો ના મળતા ખેડૂતો બટાકા, પપૈયા, કેળની ખેતી તરફ વળ્યા છે. અવનિ ફાર્મના માલિક રાજેશભાઈ પટેલ દ્વારા લાલ કાશ્મીરી ગુલાબની ખેતી કરી અન્ય ખેડૂતોને પણ લાલ કાશ્મીરી ગુલાબની ખેતી કરવા માટે સલાહ આપી રહ્યા છે.

# અરવલ્લીના આંગણે બાયડમાં મુખ્યમંત્રી કિસાન સૂર્યોદય યોજના ખુલ્લી મુકશે

### જિલ્લાના ૧૦૪ ગામોને પિયત માટે દિવસે વિજળી મળશે

બાયડ, તા. ૪

રાજયના ખેડૂતો માટે વીજક્રાંતિ લાવનાર ઐતિહાસિક કિસાન સૂર્યોદય યોજનાના પ્રથમ તબક્કાનો આજે ૫ જાન્યુઆરી મંગળવારના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અરવલ્લી જિલ્લાના સરકારી કોલેજ પાસે હેલીપેડ ગ્રાઉન્ડ વાત્રક રોડ બાયડ ખાતેથી સવારે ૧૦ કલાકે શુભારંભ કરવામાં આવશે. અરવલ્લી જિલ્લાના ૧૦૪ ગામોના ખેડૂતોને પિયત માટે દિવસે વીજળી ઉપલબ્ધ થશે.

યોજનાના પ્રથમ તબક્કામાં જિલ્લાના ૧૦૪ ગામના કુલ ૪૫ ખેતીવાડી ફીડરોના ૧૨૧૧૪ ખેડૂતોનુ ખેતી વિષયક વીજ જોડાણો દિવસ દરમિયાન સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરો પાડવામાં આવશે. કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોને હવે દિવસે વીજળી મળતાં રાતના ઉજાગરા, વન્ય જીવજંતુના ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓથી કાયમ માટે મુક્તિ, સૂર્ય ઊર્જા થકી દિવસ ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ યોજનાનો શુભારંભ તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યો હતો. યોજનાના પહેલા તબક્કામાં જુનાગઢમાં ૨૨૦, ગીર સોમનાથમાં ૧૪૩ તેમજ દાહોદ જિલ્લાના ૬૯૨ એમ કુલ ૧૦૫૫ ગામોના ખેડૂતોને વીજ પુરવઠો દિવસે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના માટે રાજ્ય સરકારે રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ની ૩૪૯૦ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઈનો તથા ૨૨૦ કેવીના ૯ સબસ્ટેશનો ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે.

આ પ્રસંગે ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલ, ઊર્જા રાજય મંત્રી પ્રદિપસિહ જાડેજા, વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણ પાટકર, સાંસદ દિપસિહ રાઠોડ, ધારાસભ્યો, અધિકારીઓ અને ખેડૂતમિત્રો ઉપસ્થિત રહેશે.

# ખેડબ્રહ્માનું ગૌરવ



૪ જાન્યુઆરીના રોજ લુઈ બ્રેલ લિપિના શોધક એવા લુઈ બ્રેલના ૨૧૨મા જન્મદિવસે આખા વિશ્વમાં ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત ઓનલાઈન કવીજ, સંગીત સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું, જેમા ખેડબ્રહ્મા શહેરના સ્પેશિયલ શિક્ષક ભરતભાઈ આર. પંડ્યા દ્વારા ઓનલાઈન ક્વીઝ સ્પર્ધામાં ભાગ લઈ સર્ટીફીકેટ મેળવતા સંસ્થા અને અને સમાજ તેમજ પરિવારનું નામ રોશન કરતા મીત્ર મંડળ સંસ્થા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમીરગઢ પોલીસે ૪૩ ભેંસ ભરેલી ૩ ટ્રક ઝડપી

અમીરગઢ પોલીસે ૪૩ ભેંસોને ખીચોખીચ બાંધેલી હાલતમાં ભરેલી ત્રણ આઈસર ટ્રક ઝડપી પાડી છે. આ સાથે કુલ આઠ લોકો સામે કાયદેસરની કાર્યવાહી



હાથ ધરવામાં આવી છે. અમીરગઢ પોલીસનો સ્ટાફ ગઈકાલે પેટ્રોલિંગ દરમ્યાન પાલનપુર તરફથી એક આઈસર ગાડી આવતાં તેને રોકાવી તલાશી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે તેમાંથી ખીચોખીચ ૧૪ ભેંસો ભરેલ અને અન્ય ૨ આઈસરમાંથી અનુક્રમે ૧૪-૧૪ ભેંસો ભરેલી જોવા મળી હતી. પોલીસે તેમની પાસે પાસ-પરમીટ માંગતાં પરમીટ કરતાં વધુ પશુઓ ભરીને જતાં હોવાનું ખુલ્યુ હતુ. જેને લઈ અમીરગઢ પોલીસે કુલ ૮ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાની અમીરગઢ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન ૪૩ ભેંસો ખીચોખીચ ભરીને જતાં ૩ આઈસરો ઝડપી પાડ્યા છે. ગઈકાલે અમીરગઢ પોલીસ મથકના ભરતકુમાર, ખેમાભાઈ, ભરતભાઈ, રમેશચંદ્ર સહિતનો સ્ટાફ અમીરગઢ ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગની કામગીરીમાં હતા. આ દરમ્યાન પાલનપુર તરફથી એક આઈસર આવતાં તેને રોકાવી તલાશી લીધી હતી. જેમાંથી ૧૪ ભેંસો ખીચોખીચ હાલતમાં બાંધેલી હાલતમાં જોવા મળતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આઈસરના ચાલકોએ પરમીટ કરતાં વધુ પશુઓને ખીચોખીચ હાલતમાં ભરી તેમની માટે ઘાસચારાની વ્યવસ્થા કરી ન હોવાનુ ખુલ્યુ હતુ.

ઝડપેલાં આઈસરની પાછળ બીજા બે આઈસરો આવતાં હોઈ તેમને પણ રોકી તલાશી લેવાઈ હતી. જેમાંથી પોલીસે અનુક્રમે ૧૪-૧૪ ભેંસોને ખીચોખીચ હાલતમાં જોઈ હતી. પોલીસે ભેંસો નંગ ૪૩ કિ. રૂ.૪,૪૩,૦૦૦, ૩ આઈસરની કિ. રૂ.૧૫,૦૦,૦૦૦ સહિત કુલ કિ. રૂ. ૧૯,૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરવાની કવાયત હાથ ધરી હતી. આ તરફ ઝડપાયેલા આરોપીઓની પુછપરછ બાદ કુલ ૮ લોકોના નામજોગ ફરીયાદ નોંધવામાં આવી છે. પોલીસે તમામ ઈસમો સામે પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમન ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જનસેવા સેતુ મોડાસા ગ્રુપ દ્વારા મોડાસા ખાતે જરૂરિયાતમંદોને ધાબડા વિતરણ

મોડાસા, તા. ૪

હાલ શહેરમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે અને લોકો ઠંડીથી બચાવવા માટે ઘણું બધું કરે છે, ત્યારે અમુક લોકો એવા પણ છે કે ઠંડીથી બચવા માટે એમના જોડે જરૂરી વસ્તુ નથી હોતી અને ઠંડીમા ઠુંઠવાઈ રહે છે ત્યાં આવા લોકોને મદદ કરવા માટે ઘણા લોકો તત્પર રહે છે. મોડાસાના જનસેવા સેતુ મોડાસા ગ્રુપ દ્વારા ૨ જાન્યુઆરી ૨૦૨૧ના શુભ દિવસે ગ્રુપના ત્રીજા વર્ષના મંગલ પ્રવેશ કરવા નિમિત્તે મોડાસા ખાતે ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ધાબડા વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જનસેવા સેતુ મોડાસા ગ્રુપ દ્વારા ફટાકડા ફોડીને ત્રીજા વર્ષમા મંગલ પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રુપના વંદન રાવલ, સાત્વિક દેરાશ્રી, મનન જોશી, હર્ષ સુથાર, શુભમ શાહ, મલય દરજી, અમરત જીલ દરજી તથા ગ્રુપના



તમામ સેવાભાવિ સભ્યો હાજર રહીને અને ધાબડા વિતરણ કરીને જન સેવા સેતુ મોડાસા ગ્રુપના ત્રીજા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

ખાસ ઉપસ્થિતમાં પ્રખ્યાત લોક ગાયક નિશાંત બારોટ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ગ્રુપના તમામ દાતાઓને જન સેવા સેતુ મોડાસા ગ્રુપ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ડોડીસરા ચકચારી હત્યાનો મુખ્ય આરોપી બુટલેગર સુકો ડુંડ હજુ પોલીસ પકડથી દૂર

### એલસીબી પોલીસે વધુ એક સાગરીત માઈકલ ડામોરને દબોચ્યો

ભિલોડા, તા. ૪

ભિલોડાના ડોડીસરા ગામના કુખ્યાત બુટલેગર સુકા ડુંડ અને તેના સાગરીતોએ વિધિ કરવાને બહાને મહારાજ તરીકે કામકાજ કરતા મામા-ભાણીયાનું અપહરણ કરી ઢોર માર મારી સ્વીચ બોર્ડમાંથી કરંટ આપી કડવા ગામેતીની હત્યા કરવાની ચકચારી ઘટનાના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખારાતના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ભરત બસીયા, એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો અને ભિલોડા પોલીસે અપહરણ વીથ મર્ડરના ગુન્હામાં સામેલ નામચીન બુટલેગર સુકા ડુંડ અને તેના સાગરીતોને ઝડપી પાડવા અનેક જગ્યાએ રેડ કરવાની સાથે ડોડીસરા અને સમગ્ર વિસ્તારમાં અનેકવાર દિવસે અને રાત્રીના સમયે કોમ્બિંગ હાથધર્યું છે બાતમીદારો સક્રિય કરવાની સાથે ટેકનિકલ સર્વેલન્સ પણ સતત



થઈ રહ્યું છે. રાજસ્થાન સહીત સંભવીત સ્થળોએ પણ તપાસ ચાલી રહી છે તેમ છતાં સૂકો ડુંડ પકડથી દૂર છે ડીવાયએસપી ભરત બસીયાએ તો ભિલોડા પંથકમાં ધામા નાખી સુકા ડુંડ અને તેના સાગરીતોની શાન ઠેકાણે લાવવા શખ્ત કાર્યવાહી કરી રહ્યા છે આ ચકચારી હત્યા પ્રકરણમાં અત્યાર સુધી ચાર આરોપીઓને જેલને હવાલે કરી દીધા છે એલસીબી પોલીસે વધુ એક સાગરીત ડોડીસરા ગામના માઈકલ નગીન ડામોરને બાતમીના આધારે દાવલી ત્રણ રસ્તા પરથી ઝડપી લીધો છે.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારને ડોડીસરા ગામે ચકચારી અપહરણ વીથ મર્ડરના ગુન્હાના મુખ્ય આરોપી સુકા ડુંડનો સાગરીત અને હત્યામાં સંડોવાયેલ નાના ડોડીસરા ગામનો માઈકલ નગીન ડામોર હિંમતનગરથી શામળાજી તરફ આવી રહ્યો હોવાની બાતમી મળતા હાઈવે પર આવેલ દાવલી ત્રણ રસ્તા પર એલસીબી પોલીસે વોચ ગોઠવી દીધી હતી અને માઈકલ ડામોર આવતા કોર્ડન કરી ઝડપી લીધો હતો અને અટક કરી એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉદ્દગમ સ્થાન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલી ગુજરાતની વિકાસયાત્રા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં સતત આગળ વધી રહી છે. જનતાનો ભાજપા સરકારની કામગીરીનો વિશ્વાસ ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં દેશભરમાં યોજાયેલી વિવિધ ચૂંટણીઓમાં જેમના માર્ગદર્શનથી ભાજપાને ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે તેવા ભાજપાના યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીનું સમગ્ર ગુજરાતની જનતા વતી હાર્દિક સ્વાગત કરું છું. ટૂંક સમયમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે આજે શ્રી જે.પી.નડ્ડાજીના આગમનથી ભાજપાના કાર્યકર્તાઓમાં ભાજપાના વિજયને વધુ ભવ્ય બનાવવા નવો આત્મવિશ્વાસ ફૂંકાયો છે. એક તરફ ભાજપ પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી, કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહનું સબળ નેતૃત્વ છે તો બીજી તરફ કોંગ્રેસ નેતૃત્વવીહીન છે ડૂબતું નાવ છે, કોંગ્રેસમાં બધું અસ્તવ્યસ્ત છે. આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અતિ મહત્વની છે, આ ચૂંટણીઓ બાદ દૂરબીનથી શોધીએ તો પણ ન જડે તે પ્રકારની સ્થિતિ કોંગ્રેસની થવાની છે. ભાજપના કાર્યકર્તાઓના નિષ્ઠાપૂર્વકના અથાક પરિશ્રમ અને સરકારની પ્રજાલક્ષી કામગીરીના ફળ સ્વરૂપે ભાજપનો વિજય નિશ્ચિત છે.

શ્રી પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ભાજપાના કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરીને ફોટો સાથેની પેજસમિતિના કાર્યને પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે. પેજસમિતિના સભ્યોની તાકાતથી મતદારયાદીના પ્રત્યેક પેજ પર વિજય મેળવી બુથ જીતવાથી કોઈ પણ ચૂંટણીમાં ભવ્ય વિજય પ્રાપ્ત થઈ શકે છે. ભાજપના સિનિયર નેતાઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓએ પણ તેમની પેજ સમિતિનું કાર્ય પૂર્ણ કર્યું છે તે બદલ હું સૌને આભાર સહ અભિનંદન પાઠવું છું. રાજ્યના ડોક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, શિક્ષકો સહિતના બુદ્ધિજીવી વર્ગના નાગરિકોએ પણ પેજ સમિતિના સભ્ય બનીને આ અભિયાનને સમર્થન આપ્યું છે, તે આનંદનનો વિષય છે. વિકાસના મોડેલ સ્ટેટ બાદ હવે સંગઠનની દ્રષ્ટિએ પણ ગુજરાતનું સંગઠન દેશમાં શ્રેષ્ઠ બને, મોડેલ બને તે દિશામાં સૌને સાથે રાખીને ગુજરાત ભાજપા આગળ વધી રહ્યું છે.

## પ્રસિદ્ધિ કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૯૩,૯૪૬ પુરૂષ તથા અન્ય ૧ મતદાર નોંધાયેલ છે. કલોલ તાલુકામાં ૧,૫૪,૭૮૭ મતદારો નોંધાયેલા છે જેમાં ૭૫,૧૭૩ મહિલા અને ૭૯,૬૧૧ પુરૂષ તેમજ અન્ય જાતિના ૩ મતદારોનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાં ૧,૭૭,૧૭૯ મતદારો નોંધાયેલા છે જેમાં ૮૬,૮૨૦ મહિલા અને ૯૦,૩૫૫ પુરૂષ તેમજ અન્ય જાતિના ૪ મતદારો નોંધાયેલા છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે ૮૨૦ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૦૭, માણસામાં ૨૨૦, કલોલમાં ૧૬૯ અને દહેગામમાં ૨૨૪ મતદાન મથકો છે.

કલોલ અને દહેગામ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ પણ યોજાવાની છે. કલોલ નગરપાલિકા માટે ૯૪,૬૩૯ મતદારો નોંધાયેલા છે જેમાં ૪૫,૭૯૨ મહિલા અને ૪૮,૮૪૬ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. દહેગામ નગરપાલિકા માટે ૩૩,૫૧૪ મતદારો નોંધાયેલા છે જેમાં ૧૬,૬૫૫ મહિલા અને ૧૬,૮૫૧ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. કલોલ નગરપાલિકા માટે ૯૯ મતદાન મથકો અને દહેગામ માટે ૩૭ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લાતંત્ર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે આજે મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તૈયારીઓ પૂરી કરી લીધી છે. આ ઉપરાંત ચૂંટણી માટેની તૈયારીઓ પણ વેગીલી બનાવી છે.

તંત્ર દ્વારા મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ આખરી યાદી ફેબ્રુઆરી સુધીમાં પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. હવે પછી મતદારોની પૂરવણીયાદી બનશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ યાદી ૧-૧-૨૧ની સ્થિતિની છે. કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે મતદાન યોજવાનું હોવાથી મતદાન મથકમાં વધારો થવાના સંકેતો આપતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે પૂરવણી યાદીમાં કેટલા મતદારો નવા આવશે તે પછી આખરી કરાશે. હાલ તો ચૂંટણી અધિકારીઓને નિયત થયેલા મતદાન મથકોની મુલાકાત લઈ તે અંગેનો અહેવાલ તૈયાર કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

## રોકડ ઘરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેલેન્સ ચેક કરે છે. આવામાં જો એકાઉન્ટમાં બેલેન્સ ઓછું કે ન હોય તો ટ્રાન્ઝેક્શન રિક્વેસ્ટ કેન્સલ કરી દેવાય છે. જો કે એકાઉન્ટમાં પૈસા હોય તો બેંકકર્મી પોતે પૈસા લઈને તમારા ઘરે ડિલિવરી માટે આવે છે. ડોરસ્ટેપ બેંકિંગ સર્વિસ દ્વારા ગ્રાહકો ચેક જમા કરાવવા, પૈસા કાઢવા અને જમા કરાવવા, જીવન પ્રમાણપત્ર લેવા જેવી અનેક સુવિધાઓનો લાભ લઈ શકે છે. આ સર્વિસથી ૭૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો, દિવ્યાંગ, તથા અંધજન લોકો પોતાના ઘરે બેઠા બેંકિંગ મેળવવામાં મદદ થઈ પડશે. ડોર સ્ટેપ સર્વિસ હેઠળ બેંકના કર્મચારી તમારા ઘરે આવશે અને તમારા દસ્તાવેજ લઈ જઈને બેંકમાં જમા કરી દેશે.

## અનિર્ણિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નહી રાખે તો ૬ જાન્યુઆરીએ આંદોલન તેજ કરશે. આ પહેલાની બેઠકમાં પરાળી અને વીજળીના મુદ્દાઓ પર ખેડૂતોની માંગોને સરકારે માન્ય રાખી હતી.

કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેલા ખેડૂત આંદોલનનો આજે ૪૦મો દિવસ અને મહત્વનો દિવસ છે. ખેડૂતોની સરકાર સાથે ૮મા રાઉન્ડની વાતચીત હતી. ખેડૂત નેતા વિજ્ઞાનભવનમાં ત્રણ કૃષિ કાયદા પાછા લેવાની માગ પર અડગ હતા. મીટિંગમાં સરકાર તરફથી કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર, રેલવેમંત્રી પીયૂષ ગોયલ અને વાણિજ્ય રાજ્યમંત્રી સોમ પ્રકાશ હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે ૨ મિનિટનું મૌન રાખીને આંદોલનમાં જીવ ગુમાવનારા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓએ કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય રાજ્યમંત્રી સોમપ્રકાશને કહ્યું કે આજે અમે તમારી સાથે જમીશું નહીં. તમે તમારું જમો અને અમે અમારું ખાઈ લેશું.

## કોન્ટ્રાક્ટ ફાર્મિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ, રિલાયન્સ રિટેલ લિમીટેડ, રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમીટેડ અને રિલાયન્સ સાથએ જોડાયેલી કોઈ પણ અન્ય કંપની ન તો કોર્પોરેટ અથવા કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરે છે અને ન તો કરાવે છે. અને ન તો ભવિષ્યમાં આ બિઝનેસમાં ઉતરવાની કંપનીની કોઈ યોજના છે.

'કોર્પોરેટ' અથવા'કોન્ટ્રાક્ટ' ખેતી માટે રિલાયન્સ અથવા રિલાયન્સની સહાયક કોઈ પણ કંપનીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે ખેતીની કોઈ પણ જમીન હરિયાણા/પંજાબ અથવા દેશના કોઈ અન્ય હિસ્સાને નથી ખરીદ્યો. ન તો ભવિષ્યમાં આવું કરવાની કોઈ યોજના છે. ભારતમાં સંગઠિત રિટેલ વેપારમાં રિલાયન્સ રિટેલ એક અગ્રણી કંપની છે. આ દેશમાં અન્ય કંપનીઓ, નિર્માતા અને આપૂર્તિકર્તાઓના વિવિધ બ્રાન્ડના ખાદ્ય, અનાજ, ફળ, શાકભાજી અને દૈનિક ઉપયોગની વસ્તુઓ, દવાઓ, ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ સહિત તમામ કેટેગરીના પ્રોડક્ટને વેચે છે. સીધી ખરીદી નથી કરતી. ખેડૂતો પાસેથી ક્યારે ગેરવાજબી લાભ લેવા માટે કોન્ટ્રાક્ટ નથી કર્યા, અને ન તો આવું ક્યારે બનશે.

## ૫૦ લાખ ડોઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત બાયોટેકે અત્યારે એ જણાવ્યું નથી કે તે કેટલી અસરકારક છે. હા, એમ જરૂર કહ્યું છે કે એ ઉપયોગ માટે ૧૦૦% સુરક્ષિત છે. આ દરમિયાન એઆઈઆઈએમએસના ડિરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે બીજો ડોઝ લેવાના ૨ સપ્તાહ પછી શરીરમાં એન્ટીબોડિઝ ડેવલપ થશે. જ્યારે ડીસીજીઆઈએ જણાવ્યું હતું કે, બન્ને રસીની સામાન્ય સાઈડ ઈફેક્ટ છે. જેમ કે, સામાન્ય તાવ, એલર્જી વગેરે. પરંતુ બન્ને જ રસી ૧૦૦% સુરક્ષિત છે. રસીને કારણે નપુંસક થવા જેવી વાતો ખોટી છે.

આઈસીએમઆરના મહાનિર્દેશક પ્રો. બલરામ ભાર્ગવે જણાવ્યું કે, આ રસી સંપૂર્ણ રીતે સુરક્ષિત છે. વાયરસમાં અત્યાર સુધી જેટલાં બદલાવ થયા છે તે બધામાં કામ લાગશે. કેટલું પ્રભાવી છે, તે અત્યાર સ્પષ્ટ નથી.

## રહસ્યમયી મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનર કમ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ રાકેશકુમાર પ્રજાપતિએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ હેઠળ એક આદેશ જારી કર્યો હતો કે, ડેમના જળાશયના એક કિલોમીટરમાં કોઈ પણ માનવ કે પશુધન પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં. આ વિસ્તારને એલર્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. સર્વેલન્સ ઝોન તેનાથી ૯ કિમી આગળ છે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ સમયે કોઈ પણ પ્રકારના રોગની સંભાવના નકારી શકાય નહીં. આવી સ્થિતિમાં તે વધુ ન ફેલાય તે માટે પ્રોટોકોલ મુજબ ડેમના ૧૦ કિલોમીટર સુધીના રક્ષણાત્મક પગલાં અપનાવવા જરૂરી છે.